# નિયમ સંગ્રહ - ૧૭

૧૭.૬ જાહેર તંત્રે ઉઘરાવવા અંગે.
(મ્યુનિસિપલ કોર્પોરેશન, વ્યવસાય વેરો, મનોરંજન વેરો વિગેરે)
વેરા બાબતે કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી.

- વેરાનું નામ.
- વેરો લેવાનો હેતુ
- કર નિર્ધારણન માટેની કાર્યવાહી અને માપદંડ
- મોટા કસુરદારોની યાદી
  ૧૭.૬ વીજળી/ પાણી હંગામી અને કાયમી જોડાણો આપવા અને કાપવા અંગે.
  (આ બાબત મ્યુનિસિપલ કોર્પોરેશન/ નગરપાલીકા/ યુપીસીએલને લાગુ પડશે)
  (પીવાના પાણીના કનેકશન પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા આપવમાં આવે છે.)
- જોડાણ માટેની પાત્રતા
  ગ્રામ પંચાયત/ નગરપાલીકા/ મહાનગરપાલિકા/ જાહેર તેમજ ખાનગી સંસ્થાઓ
- પૂર્વ જરૂરીયાતો (જો હોય તો)
  ના
- અરજી માટેની સંપર્ક માહિતી
  ક્ષેત્રીય કક્ષાએ જે તે વિભાગીય કચેરીઓ
- અરજી ફી (લાગુ પડતું હોય ત્યાં)
  નથી
- અન્ય ફી/ શુલ્ક (લાગુ પડતું હોય ત્યાં)
  નથી.
- અરજીનો નમૂનો (જો અરજી સાદા કાગળ પર કરવામાં આવી હોય તો અરજદારે પુરી પાડવાની વિગતો જણાવો.)
  સાદા કાગળ પર
- બિડાણો/ દસ્તાવેજોની યાદી
  સહમતજ્ઞી પત્રક
- બિડાણો/ દસ્તાવેજોનો નમૂનો.
  નમૂનો નથી
- અરજી કરવાની પધ્ધતિ
  વિભાગીય કચેરીને અરજી કરવાની રહે.
- અરજી મળ્યા પછી જાહેર તંત્રમાં થનાર પ્રક્રિયા.
- બોર્ડ દ્વારા મંજુર કરવામાં આવે છે.
- બિલમાં વાપરેલ શબ્દ પ્રયોગનું ટૂંકું વિવરણ.

  પાણી વેરો
- બિલ અથવા સેવાની બાબતમાં મુશ્કેલી હોય તો સંપર્ક માહિતી.

• ટેરીફ અને અન્ય ખર્ચ.

| અ નું. | સંસ્થા | શુલ્ક |
|---|---|---|
| ૧ | ગ્રામ પંચાયત | જુથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લીધેલ ગામો માટે રૂ. ૨.૦૦ પ્રતિ એક હજાર લીટર |
| ૨ | નગરપાલીકા/ નગરપંચાયત | રૂ. ૪.૦૦ પ્રતિ એક હજાર લીટર |
| ૩ | મહાનગરપાલિકા | રૂ. ૬.૦૦ પ્રતિ એક હજાર લીટર |
| ૪ | ખાનગી વ્યાવસાયીક | રૂ. ૧૦.૦૦ પ્રતિ એક હજાર લીટર, ૩ માસના પાણી વેરા અગાઉ ચૂકવવાનો રહે. |
| ૫ | ઉદ્યોગો માટેનું જોડાણ | રૂ. ૧૫.૦૦ પ્રતિ એક હજાર લીટર, ૩ માસના પાણી વેરા અગાઉ ચૂકવવાનો રહે. |
| નોંધ | | જોડાણ માટેની પાઇપલાઇન, મીટર, વાલ્વ તથા મરામત અને નિભાવણીનો સમગ્ર ખર્ચ જે તે સંસ્થાએ ભોગવવાનો રહે છે. |

૧૭.૮ જાહેર તંત્ર (ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ) દ્વારા પૂરી પાડવામાં આવનાર અન્ય સેવાઓની વિગત નીચે મુજબ છે.

**(૧) બાંધકામ**

પીવાના પાણીની યોજના માટેના સમગ્ર કામોની બાંધકામની કામગીરી કરવી, તાંત્રિક સક્ષમતાની ચકાસણી કરવી, અમલીકરણ કરવું અને યોજના ચાલુ કર્યા બાદ જે તે સ્થાનિક સંસ્થાને મરામત અને નિભાવણી માટે સોંપવી. આ માટે સરકારશ્રીના નિયમોનુસારનું શૂલ્ક બોર્ડ દ્વારા વસુલ કરવામાં આવે છે.

**(૨) ડીઝાઇન**

સ્થાનિક સંસ્થા દ્વારા પાણી પુરવઠા યોજના માટે માંગણી/ રજૂઆત આવ્યા બાદ જે તે વિસ્તારની સ્થળ મુલાકાત લઇ પીવાના પાણીના યોજનાના ઘટકોની તાંત્રીક ડીઝાઇન કરવી અને સમગ્ર યોજના તૈયાર કરવાની કામગીરી કરવી. આ માટે સરકારશ્રીના નિયમોનુસારનું શૂલ્ક બોર્ડ દ્વારા વસુલ કરવામાં આવે છે.

**(૩) જાહેર મેળાવડા અને જાહેર સમારંભોમાં પીવાના પાણીની વ્યવસ્થા.**

રાજ્ય સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની સુચના મળ્યાથી જાહેર મેળાવડા/ સમારંભોમાં પીવાના પાણીની સગવડ કરવી.

**(૪) સ્થાનિક સંસ્થાઓની યોજના**

સ્થાનિક સંસ્થાઓની પીવાના પાણીની યોજનાઓમાં નિયમ મુજબ તાંત્રિક ચકાસણી, સુપરવીઝન ચાર્જીસ વગેરે લઇ પીવાના પાણીની યોજનાની કામગીરી કરવી.